PGVCL

# ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ
પાવર હાઉસ કંપાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોન: ૦૨૮૩૨-૨૫૩૫૫૦ ફેકસ: ૦૨૮૩૨-૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com

નં.: કેસી/સીજીઆરએફ/૨૦૧૮ / ૧૫ તારીખ: 24 MAY 2018

રજી. એ. ડી દ્વારા

પ્રતિ,

ભરત મુરજી વરસાણી,
રિદ્ધિ સિદ્ધિ નગર
મીરઝાપર -કચ્છ.
મો.નં.૯૯૦૯૮ ૮૫૮૮૫

વિષય :- કેસ નંબર પીજી/૦૧ /૦૦૨/ ૨૦૧૮-૧૯

સંદર્ભ:- આપની અરજી નોંધણી નં. પીજી/૦૧ /૦૦૨/ ૨૦૧૮-૧૯

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારું.

(જે વિ ચૌહાણ)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,ભૂજ.

OIC

બિડાણ-ઉપર મુજબ

(૧) અધિક્ષક ઈજનેર, પીજીવીસીએલ,વર્તુળ કચેરી, ભુજ
(૨) કાર્યપાલક ઈજનેર,પીજીવીસીએલ,વિભાગીય કચેરી, ભુજ
(૩)નાયબ ઈજનેર,પીજીવીસીએલ,પેટાવિભાગીય કચેરી,ભુજ ગ્રામ્ય પેટા વિભાગ

........ ચુકાદાની નકલ સામેલ છે.ગુજરાત વિધુત નિયંત્રણ આયોગ(ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક ૨/૨૦૧૧ ની વિનિયમ નં ૨.૫૦ ફોરમે પસાર કરેલ આદેશ પરવાનેદાર અને ફરીયાદીને બંધનકર્તા રહેશે.તેમજ વિનિયમ નં ૨.૫૧ અનુંસાર સદર આદેશનું પાલન આદેશ મળ્યાના ૨૧ દિવસ ની અંદર કરવાનું રહેશે. જે અંગે વિનિયમ નં ૨.૫૨ અનુંસાર ફોરમ અને ફરીયાદીને પાલનની તારીખથી ૭(સાત) દિવસ અંદર ફોરમના આદેશ અંગે પાલન અહેવાલ રજુ કરવો. ફોરમના આદેશનું પાલન ન કરવાની બાબતે વિનિયમોના ભંગ ગણવામાં આવશે અને યોગ્ય ઉપાયાત્મક પગલાં માટે જવાબદાર બનશે જેની નોંધ લેશો.

Scanned by CamScanner

# ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,ભુજ

## પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ

**પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ**

**ફોન:- ૦૨૮૩૨-૨૫૩૫૫૦ ફેક્સ:- ૦૨૮૩૨-૨૫૦૦૪૮**

E-Mail- forumbhuj.pgvcl@gebmail.com

નં કેસી/સીજીઆરએફ/૨૦૧૮/ 95 તારીખ: 24 MAY 2018

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No.PG-001-002-2018-19.**

અરજદાર: શ્રી ભરત મુરજી વરસાણી (શ્રી પ્રેમબાઈ કરશન વેકરીયા ના કુલમુખત્યાર),
ગામ : મીરઝાપર જી. કચ્છ.

રજૂઆત કરનાર: ભરત મુરજી વરસાણી (શ્રી પ્રેમબાઈ કરશન વેકરીયા ના કુલમુખત્યાર),

::વિરુધ્ધ::

સામાવાળા: કાર્યપાલક ઇજનેરશ્રી,પીજીવીસીએલ, વિભાગીય કચેરી,ભુજ
રજૂઆત કરનાર: કે આર વરસાણી, કા.ઇ. પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ભુજ

::ફોરમ::

૧) શ્રી જે.બી. પારેખ, ચેરપર્સન
૨) શ્રીમતી એન એચ.જોષી, સ્વતંત્ર મેમ્બર
૩) શ્રી એ એસ માંડલિયા, મેમ્બર ટેક

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ.,વર્તુળ કચેરી, ભુજ.
તારીખ: ૦૪.૫.૨૦૧૮



Scanned by CamScanner

## ::અરજદારની રજૂઆત::

૧.૦ અરજદાર શ્રી ભરત મુરજી વરસાણી (શ્રી પ્રેમબાઈ કરશન વેકરીયા ના કુલમુખત્યાર) ગામ:-મીઝાપર તા.ભુજ દ્વારા ભુજ ગ્રામ્ય પેટા વિભાગીય કચેરીએ નવા ૦૬ નંગ વિજ કનેક્શન અંગે જરૂરી આધારપુરાવા રજુ કરવા છતાં ન મળતા વીજજોડાણ મળવા ગ્રાહક તકરાર ફોરમ સમક્ષ અરજી કરેલ છે.

૧.૧ સદર કેસની વિગત નીચે મુજબ છે.

૧.૨ અરજદાર શ્રી ભરત મુરજી વરસાણી (શ્રી પ્રેમબાઈ કરશન વેકરીયા ના કુલમુખત્યાર) ગામ:-મીઝાપર તા.ભુજ દ્વારા ભુજ ગ્રામ્ય પેટા વિભાગીય કચેરીએ નવા ૦૬ નંગ કોર્મસીઅલ વિજ કનેક્શન કનેક્શન મેળવવા નિયમાનુસાર તમામ આધારો રજુ કરવામાં આવેલ છે.

૧.3 અરજદાર શ્રી એ તેમની અરજીમાં જણાવ્યાનુંસાર ભુજ ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી દ્વારા કાયદાના ખોટા અર્થઘટન કરી આધારો/દાખલા ની માંગણી કરવામાં આવે છે.

૧.૪ સદર બાબતે નવા વીજ કનેક્શન મેળવવા માટે અરજદાર દ્વારા ગ્રાહક તકરાર ફોરમ સમક્ષ અરજી કરેલ છે.

## :: પીજીવીસીએલની રજુઆત::

૨.0 સુનાવણી સમયે સામાવાળા શ્રી કે આર વરસાણી,કા.ઇ. પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ભુજ તેમજ શ્રી ડી ડી સંજોટ, પીજીવીસીએલ, ભુજ ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી, રૂબરૂમાં હાજર રહેલ અને જણાવેલ કે,

૨.૧ શ્રી ભરત મુરજી વરસાણી ના નામથી મીઝાપર ગામ મધ્યે કોઈપણ પ્રકારની નવા કનેકશન માટેની અરજી રજુ થયેલ નથી.વધુમાં એમણે જોડેલ પહોંચમાં શ્રી પ્રેમબાઈ કરશન વેકરીયા દ્વારા કોમર્શીયલ વીજ જોડાણ મેળવવા માટે ગામ મોજે મીરઝાપર તા.ભુજ સર્વે નં ૨ તથા ૧૭૩ પૈકીની જમીનમાં પાડવામાં આવેલ રહેણાંકના પ્લોટોમાં વીજ કનેક્શનની માંગણી કરેલ હતી જેમાં ગ્રામ પંચાયતનો દાખલો સામેલ ન હોવાથી તથા સદરહુ પ્લોટો રહેણાંકના હેતુના હોઈ સદર અરજદારને ભુજ ગ્રામ્ય પેટાવિભાગ કચેરીના પત્ર નં.બીઆરએસડી/૨૦૧૮/૧૨૭૪ તા.૦૫/૦૨/૨૦૧૮ થી સદર અરજીઓ દફતરે કરવામાં આવેલ.

૨.૨ સદરહુ જમીન વિવાદાસ્પદ કોઈ વીજકનેકશન આપેલ નથી.

૨.3 અરજદાર શ્રી ભરત મુરજી વરસાણી (શ્રી પ્રેમબાઈ કરશન વેકરીયા ના કુલમુખત્યાર) દ્વારા કલેક્ટરશ્રીના સ્વાગત કાર્યક્રમમાં રજૂઆત કરેલ જેમાં કલેકટરશ્રી દ્વારા બાહેંધરી પત્રક રજુ કરેથી વીજજોડાણ આપવા



Scanned by CamScanner

જણાવવામાં આવેલ જે મુજબ અત્રેની કચેરી દ્વારા અરજદાર ના વીજજોડાણ આપવામાં આવેલ છે જેથી અરજદારને હવે કોઈ ફરિયાદ ન રહેતી હોવાથી તેઓએ સમાધાન પુરશીશ રજુ કરેલ છે.

::હુકમ::

3.0 અરજદાર શ્રી ભરત મુરજી વરસાણી (શ્રી પ્રેમબાઈ કરશન વેકરીયા ના કુલમુખત્યાર)એ કલેક્ટરશ્રીના સ્વાગત કાર્યક્રમમાં રજૂઆત કરેલ જેમાં કલેકટરશ્રી દ્વારા બાહેંધરી પત્રક લઇ વીજજોડાણ આપવા જણાવવામાં આવેલ જે મુજબ ભુજ રૂરલ પે.વિ કચેરી દ્વારા શ્રી પ્રેમબાઈ કરશન વેકરીયા ના ૦૬ નંગ કોમર્શીયલ વીજજોડાણો આપવામાં આવેલ છે જેથી અરજદારને હવે કોઈ ફરિયાદ ન રહેતી હોવાથી અરજદારે સમાધાન પુરશીશ રજુ કરેલ છે.

3.૧ બંને પક્ષકારોની રજૂઆતો તથા અરજદારશ્રીએ સમાધાન પુરસીશ(પત્ર) લખી આપી જાહેર કરેલ છે કે ફરિયાદનું નિરાકરણ આવી ગયેલ છે અને હવે તેમની કોઈ ફરિયાદ રહેતી નથી. સબબ આ કેસમાં આગળની કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ સદર ફરિયાદનો નિકાલ કરવામાં આવે છે.

3.3 આથી આ મુજબ હુકમ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| એ એસ મોડિયા | એન એચ જોષી | જે.બી. પારેખ |
| મેમ્બર ટેક | સ્વતંત્ર મેમ્બર | ચેરપર્સન |

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન 30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિસામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. 3, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯

PG-001-002-2018-19



Scanned by CamScanner